નવી બાબત વર્ષ ૨૦૨૧-૨૨

રાજયના તમામ જિલ્લાઓનાં ૩-૬ વર્ષના બાળકો માટે આંગણવાડી કેંદ્રોમાં ફોર્ટીફાઇડ ચોખા આપવા માટે વહીવટી મંજુરી

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૨૦/૮૩/બ
સચિવાલય, ગાંધીનગર
તા. ૦૮-૦૪-૨૦૨૧

વંચાણે લીધા:

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઇસી/૧૧૨૦૧૩/૨૦૧૮/ (પાર્ટ ફાઇલ)/બ તા: ૨૩.૭.૨૦૧૮

(૨) NITI AAYOG- DO No/ NA/SW/13(10)/2017- WCD તા. ૨૨-૧૦-૨૦૨૦

(3) અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગનો પત્ર ક:પીડીએસ/૧૪/૨૦૨૧/૨૫૯૩૯/સી તા. ૧૩/૧/૨૦૨૧

પ્રસ્તાવના:

વંચાણે લીધા (૧) થી ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના માધ્યમથી જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ મારફત ઘઉંનું ફોર્ટીફિકેશન કરી ફોર્ટીફાઇડ આટા રાજ્યની તમામ આંગણવાડીઓમાં પુરો પાડવામાં આવે છે. વંચાણે લીધા (૨) થી ફોર્ટિફિકેશન કરેલ આહાર પૂરો પાડવા માટે ઘઉં, તેલ, મીઠું અને ચોખામાં ફોર્ટિફિકેશન માટે ભારત સરકાર દ્વારા સૂચના આપેલ છે. વંચાણે લીધા (૩) થી ફોર્ટિફિકેશન કરેલ આહાર પુરો પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા સૂચના આપેલ છે.

રાજ્ય સરકાર દ્વારા હાલ ફોર્ટીફાઇડ તેલ, ડબલ ફોર્ટિફાઇડ મીઠું અને ફોર્ટિફાઇડ ઘઉંનો આટો આંગણવાડી કેન્દ્રોને પૂરો પાડવામાં આવે છે. એ જ રીતે PDS, MDM અને ICDS યોજનાઓ હેઠળ ફોર્ટિફાઇડ ચોખાનો જથ્થો F.C.I. દ્વારા એપ્રિલ -૨૦૨૧થી પૂરો પાડવામાં આવનાર છે. આમ, રાજયના તમામ જિલ્લાઓનાં ૩-૬ વર્ષના બાળકો માટે આંગણવાડી

કેન્દ્રોમાં ફોર્ટીફાઇડ ચોખા પુરા પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવઃ-

આંગણવાડીના ૩ થી ૬ વર્ષના બાળકોને આપવામાં આવતા આહારમાં ફોર્ટીફાઇડ ચોખા આપવાનું આથી ઠરાવવામાં આવે છે. આંગણવાડીઓમાં જરૂરીયાત મુજબનો ફોર્ટીફાઇડ ચોખાનો જથ્થો ફુડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા દ્વારા પુરો પાડવામાં આવનાર છે. આઇ.સી.ડી.એસ. દ્વારા ફોર્ટીફાઇડ ચોખાના ઉપયોગ બાબતે કરવાની થતી જરૂરી તાલીમ તથા પ્રચાર-પ્રસારની કામગીરી માટે વર્ષ ૨૦૨૧ -૨૨ માટે વાર્ષિક રૂ. ૧૦ લાખની ટોકન જોગવાઇ કરવામાં આવે છે.

શરતો:

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો- વખત લાગુ પડતા ઠરાવો/ પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ યોજનાનો અમલ તા. ૦૧/૦૪/૨૦૨૧ થી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી નંબર | : | ૧૦૬ |
| મુખ્ય સદર | : | ૨૨૩૬ પોષણ |
| પેટા મુખ્ય સદર | : | ૦૨ પોષણ ખાદ્ય અને પીણાંની વહેંચણી |
| ગૌણ સદર | : | ૮૦૦ અન્ય ખર્ચ |
| પેટા સદર | : | ૦૨ એન.ટી.આર.(૨) સંકલિત બાળ વિકાસ સેવા યોજના |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા. ૩૧/૦૩/૨૦૨૧ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સંતોષ પટેલ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

(૧) માન. મુખ્યમંત્રીશ્રીનાં ખાસ ફરજ પરનાં અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૨) માન. મંત્રીશ્રી, (મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(3) માન.રા.ક.મંત્રીશ્રી,(મ.બા.ક.) ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
(૪) માન. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૫) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૬) સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૭) સચિવશ્રી (આ.બા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૮) સચિવશ્રી (આયોજન)ના નાયબ સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
(૯) સચિવશ્રી (મહિલા અને બાળ વિકાસ વિભાગ) ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૧૦) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૧૧) નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦,
ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૧૨) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ. ..............
(૧૩) સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુ.કો. .............
(૧૪) વિભાગીય નાયબ નિયામકશ્રી (અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત)
(૧૫) સર્વે પ્રોગ્રામ ઓધિકારીશ્રી (આઇસીડીએસ), જિલ્લા પંચાયત કચેરી, જિ. ..........
(૧૬) સર્વે પ્રોગ્રામ ઓધિકારીશ્રી (આઇસીડીએસ), મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુ.કો............

(૧૭) નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર

(૧૮) એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ

(૧૯) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

(૨૦) નિવાસી ઓડિટ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર

(૨૧) તિજોરી અધિકારીશ્રી, તિજોરી અદિકારીશ્રીની કચેરી, જિલ્લા પંચાયત તમામ

(૨૨) સિસ્ટમ મેનેજર, મહિલા અને બાળ વિકાસ વિભાગ - વેબસાઇટ ઉપર મુકવા સારૂ

(૨૩) સિલેક્ટ ફાઇલ